Subject : સામાજિક વિજ્ઞાન
Standard : ધોરણ 6
Chapter : 5
Name : _____

પે.સે.કુમાર શાળા રાણા વડવાળા
તા. રાણાવાવ, જિ. પોરબંદર

Exam Time : 3 Hours
Date : 19/05/2020
Marks : 124
Roll No. : _____

SECTION - A

➠ યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર આપો (Marks - 40)

1. ગૌતમ બુદ્ધે સૌપ્રથમ ઉપદેશ ક્યાં આપ્યો?
   A. બોધિગયા B. સારનાથ C. કુશીનારા D. કપિલવસ્તુ
2. ગૌતમ બુદ્ધ કઈ જગ્યાએ નિર્વાણ પામ્યા હતા?
   A. લુમ્બિની B. કપિલવસ્તુ C. કુશીનારા D. સારનાથ
3. મહાવીર સ્વામીની માતાનું નામ શું હતું?
   A. ત્રિશલાદેવી B. માયાદેવી C. યશોદા D. યશોધરા
4. મહાવીર સ્વામીનો જન્મ ક્યાં થયો હતો?
   A. કપિલવસ્તુ B. કુંડગ્રામ C. સારનાથ D. પાવાપુરી
5. મહાવીર સ્વામીએ લોકોને પોતાનો ઉપદેશ કઈ ભાષામાં આપ્યો?
   A. પાલિ
   B. પ્રાકૃત અને અર્ધમાગધી
   C. પ્રાકૃત અને પાલિ
   D. પાલિ અને અર્ધમાગધી
6. કેટલી જાતકકથાઓ બુદ્ધના પૂર્વજન્મો સાથે સંકળાયેલી છે ?'
   A. 500 જેટલી B. 550 જેટલી C. 600 જેટલી D. 650 જેટલી
7. ભારતમાં ઈ. સ. પૂર્વે છઠ્ઠીમાં કયા મહાન સુધારકોએ સામાજિક અને ધાર્મિક ક્ષેત્રે સુધારણાનાં કાર્યો કર્યા હતાં ?
   A. બુદ્ધ અને મહાવીરે
   B. ચાણક્ય અને વર્ષકેતુએ
   C. વરાહમિહિર અને ચરકે
   D. નાગભટ્ટ અને વેતાળભટ્ટ
8. કપિલવસ્તુ નામનું રાજ્ય ક્યાં આવેલું હતું ?
   A. અરવલ્લી ક્ષેત્રમાં
   B. નીલગિરિ ક્ષેત્રમાં
   C. હિમાલય ક્ષેત્રમાં
   D. માળવા ક્ષેત્રમાં
9. કપિલવસ્તુ ગણરાજ્યના વડા કોણ હતા?
   A. ગૌતમ બુદ્ધ B. નંદિવર્ધન C. સિદ્ધાર્થ D. શુદ્ધોધન
10. ગૌતમ બુદ્ધનું બાળપણનું નામ શું હતું?
    A. તથાગત B. સિદ્ધાર્થ C. વર્ધમાન D. દેવદત્ત
11. સિદ્ધાર્થના પિતાનું નામ શું હતું ?
    A. વર્ધમાન B. નંદિવર્ધન C. યશોધન D. શુદ્ધોધન
12. ગૌતમ બુદ્ધની પત્નીનું નામ શું હતું?
    A. યશોધરા B. પ્રિયંકા C. યશોદા D. લીલાવતી
13. સિદ્ધાર્થની પાલકમાતાનું નામ શું હતું?
    A. યશોધરા B. ત્રિશલાદેવી C. યશોદા D. ગૌતમી મહાપ્રજાપતિ
14. સિદ્ધાર્થના ગુરુનું નામ શું હતું?
    A. ચાણક્ય B. આલારકલામ C. તથાગત D. કપિલમુનિ

BHAVDIP VADHER

15. ગૌતમ બુદ્ધે કેટલાં વર્ષની ઉંમરે સંસારનો ત્યાગ કરી સંન્યાસી બનવાનું નક્કી કર્યું હતું?
A. 25 B. 30 C. 32 D. 18

16. ગૌતમ બુદ્ધને ક્યા દિવસે જ્ઞાન પ્રાપ્ત થયું હતું?
A. ચૈત્રી પૂર્ણિમાના દિવસે
B. શરદ પૂર્ણિમાના દિવસે
C. વૈશાખી પૂર્ણિમાના દિવસે
D. માણેકઠારી પૂર્ણિમાના દિવસે

17. બુદ્ધના પ્રથમ ઉપદેશને શું કહેવામાં આવે છે?
A. ધર્મચક્રપ્રવર્તન B. મહાભિનિષ્ક્રમણ C. બોધિગયા D. તત્ત્વબોધ

18. ગૌતમ બુદ્ધના મતે આર્ય સત્ય કેટલાં છે?
A. પાંચ B. ચાર C. ત્રણ D. બે

19. બુદ્ધે ઈશ્વર અને આત્માનો ઈન્કાર કરી શાને મહત્ત્વ આપ્યું હતું ?
A. અદ્વૈતવાદને B. યોગવાદને C. કર્મવાદને D. દ્વૈતવાદને

20. ગૌતમ બુદ્ધે ક્યા વૃક્ષની નીચે બેસીને સત્ય અને જ્ઞાનપ્રાપ્તિ માટે સાધના કરી હતી ?
A. પીપળાના B. વડના C. આસોપાલવના D. આંબાના

21. જૈનધર્મના ત્રેવીસમા તીર્થંકર કોણ હતા?
A. પાર્શ્વનાથ B. નેમિનાથ C. આદિનાથ D. ઋષભદેવ

22. જૈનધર્મના ચોવીસમા અને છેલ્લા તીર્થંકર કોણ હતા?
A. નેમિનાથ B. આદિનાથ C. મહાવીર સ્વામી D. ઋષભદેવ

23. મહાવીર સ્વામીનું બાળપણનું નામ શું હતું?
A. દેવદત્ત B. બુદ્ધિમાન C. વર્ધમાન D. સિદ્ધાર્થ

24. મહાવીર સ્વામીનો જન્મ કયા ગણરાજ્યમાં થયો હતો?
A. કપિલવસ્તુમાં B. સેવાગ્રામમાં C. પાવાપુરીમાં D. કુંડગ્રામમાં

25. મહાવીર સ્વામીએ કેટલો વ્રતો આપ્યાં હતાં ?
A. અગિયાર B. સાત C. પાંચ D. ત્રણ

26. વર્ધમાનની પત્નીનું નામ શું હતું ?
A. યશોદા B. યશોધરા C. યશોમતિ D. માયાદેવી

27. વર્ધમાનની પુત્રીનું નામ શું હતું?
A. પ્રિયદર્શિની B. પ્રિયંકા C. પ્રિયવંદના D. પ્રિયનંદિની

28. મહાવીર સ્વામીએ કઈ નદીના કિનારે સર્વોચ્ચ જ્ઞાન પ્રાપ્ત કરવા બાર વર્ષ સુધી કઠોર તપશ્ચર્યા કરી હતી?
A. ગંગા B. ગંડકી C. બ્રહ્મપુત્ર D. ઋજુપાલિક

29. મહાવીર સ્વામીએ આપેલ ઉપદેશને ક્યા સિદ્ધાંત તરીકે ઓળખવામાં આવે છે?
A. સમ્યક દર્શન તરીકે
B. ત્રિરત્નના સિદ્ધાંત તરીકે
C. પંચશીલના સિદ્ધાંત તરીકે
D. મહાવ્રતના સિદ્ધાંત તરીકે

30. મહાવીર સ્વામીએ પોતાનાં મન અને ઇન્દ્રિયો પર વિજય પ્રાપ્ત કર્યા હોવાથી તેઓ શું કહેવાયા?
A. 'ઇન્દ્રજિત' B. 'વર્ધમાન' C. 'જિન' D. 'સ્થિતપ્રજ્ઞ'

31. મહાવીર સ્વામીના મોટા ભાઈનું નામ શું હતું?
A. હર્ષવર્ધન B. નંદિવર્ધન C. રાજવર્ધન D. પ્રભાકરવર્ધન

32. મહાવીર સ્વામીએ ભિક્ષુકજીવન ધારણ કર્યા પછી કેટલાં વર્ષ સુધી કઠોર તપશ્ચર્યા કરી હતી?
A. દસ B. પંદર C. બાર D. આઠ

33. જૈનધર્મને જાણવાના મહત્વપૂર્ણ ગ્રંથો ક્યા છે ?
A. ઉપવેદ B. આગમગ્રંથો C. બૌદ્ધગ્રંથો D. ઉપનિષદો

BHAVDIP VADHER

34. મહાવીર સ્વામી 72 વર્ષની વયે ક્યાં નિર્વાણ (અવસાન) પામ્યા હતા ?
A. કુંડગ્રામમાં B. કુશીનારામાં C. શ્રવણ બેલગોડામાં D. પાવાપુરીમાં

35. નીચેનામાંથી કઈ બાબત ગૌતમ બુદ્ધ સાથે જોડાયેલ નથી ?
A. સારથી છન્ન અને અશ્વ કંથક
B. યશોધરા અને રાહુલ
C. કુંડગ્રામ અને પાવાપુરી
D. સારનાથ અને કુશીનારા

36. નીચેનામાંથી કઈ બાબત મહાવીર સ્વામી સાથે જોડાયેલ છે?
A. સારથી છન્ન અને અશ્વ કંથક
B. યશોધરા અને રાહુલ
C. કુંડગ્રામ અને પાવાપુરી
D. સારનાથ અને કુશીનારા

37. જ્ઞાતૃક પ્રજાનું કયું ગણરાજ્ય વજ્જિસંઘમાં જોડાયેલ હતું ?
A. કપિલવસ્તુ B. વૈશાલી C. મિથિલા D. કુંડગ્રામ

38. ગુજરાતમાં કયું પ્રખ્યાત જૈનતીર્થ આવેલું છે?
A. પાવાપુરી B. શ્રવણ બેલગોડા C. રાણકપુર D. પાલિતાણા

39. ભારતમાં કયા મહાત્મા થઈ ગયા કે જે શાંતિ અને અહિંસાના પૂજારી હતા?
A. ગાંધીજી B. મેડમકામાં C. સરદારસિંહ રાણા D. વીર નર્મદ

40. નીચેનામાંથી કઈ બાબત જૈનધર્મને લાગુ પડતી નથી ?
A. 'જિન' B. સમ્યક દર્શન C. અપરિગ્રહ D. ત્રિપિટક

➽ ખાલી જગ્યા પૂરો **(Marks - 17)**

41. ભારતમાં હિમાલય નજીક .....ની તરાઈમાં કપિલવસ્તુ નામનું રાજ્ય હતું.
42. કપિલવસ્તુના ક્ષત્રિયો .....જાતિના હતા.
43. ગૌતમ બુદ્ધનો જન્મ ઈ. સ. પૂર્વે .....માં શુદ્ધોધન અને મહાદેવીના ઘરે થયો હતો.
44. ગૌતમ બુદ્ધના પુત્રનું નામ ..... હતું.
45. ગૌતમ બુદ્ધે .....ખાતે પીપળાના વૃક્ષ નીચે બેસીને સાધના કરી હતી.
46. ગૌતમ બુદ્ધે સૌપ્રથમ વખત પાંચ બ્રાહ્મણમિત્રોને .....ખાતે ઉપદેશ આપ્યો હતો.
47. ગૌતમ બુદ્ધે ઈશ્વર અને આત્માનો ઇન્કાર કરી ..... મહત્વ આપ્યું હતું.
48. ગૌતમ બુદ્ધની માતાનું નામ .....હતું.
49. બૌદ્ધગ્રંથો .....માંથી બૌદ્ધધર્મ વિશેની ઘણી માહિતી મળે છે.
50. જૈનધર્મમાં કુલ .....તીર્થંકરો થયા હતા.
51. પાર્શ્વનાથ .....વર્ષની વયે ગૃહત્યાગ કરી સંન્યાસી બન્યા હતા.
52. ગૌતમ બુદ્ધના પિતાનું નામ .....હતું
53. મહાવીર સ્વામીએ .....વર્ષની ઉંમરે દીક્ષા લીધી હતી.
54. ઇન્દ્રિયો પર વિજય પ્રાપ્ત કરવાના પરાક્રમથી વર્ધમાન..... તરીકે જાણીતા થયા.
55. મહાવીર સ્વામી માનતા કે .....એ માનવસમાજનું સૌથી મોટું દૂષણ છે.
56. મહાવીર સ્વામીએ જૈન સાધુઓ અને સાધ્વીઓને .....નું પાલન કરવા જણાવ્યું હતું.
57. મહાવીર સ્વામી 72 વર્ષની ઉંમરે .....માં નિર્વાણ પામ્યાં.

➽ નીચેના વિધાન ખરા છે કે ખોટા તે જણાવો **(Marks - 21)**

58. બુદ્ધ અને જૈન બંને ધર્મે લોકોને શાંતિ અને અહિંસાનો માર્ગ અપનાવવા અનુરોધ કર્યો.
59. બુદ્ધ દ્વારા પ્રથમ ઉપદેશ બોધિગયામાં આપવામાં આવેલ.
60. બુદ્ધને સારનાથમાં જ્ઞાન પ્રાપ્ત થયું હતું.

BHAVDIP VADHER

61. ગૌતમ બુદ્ધ વૈશાલી ગણરાજ્યના રાજકુમાર હતા.
62. કપિલવસ્તુના ક્ષત્રિયો લિચ્છવી જાતિના હતા.
63. ગૌતમ બુદ્ધનું પાલનપોષણ તેમની માતાએ કર્યું હતું.
64. બુદ્ધ'નો અર્થ જાગ્રત કે જ્ઞાની થાય છે.
65. જ્ઞાનપ્રાપ્તિ પછી વર્ધમાન ગૌતમ બુદ્ધ કહેવાયા.
66. ગૌતમ બુદ્ધે સૌપ્રથમ ઉપદેશ પાંચ બ્રાહ્મણમિત્રોને આપ્યો હતો.
67. ગૌતમ બુદ્ધે વિંધ્યાચળમાં જઈને સાધના શરૂ કરી હતી.
68. ગૌતમ બુદ્ધનું અવસાન 80 વર્ષની વયે કુશીનારામાં થયું હતું .
69. ગૌતમ બુદ્ધે આગમગ્રંથોની રચના કરી હતી.
70. મહાવીર સ્વામીએ બાર વર્ષ સુધી કઠોર તપ કરી જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું.
71. મહાવીર સ્વામી જૈનધર્મના પ્રથમ તીર્થકર હતા.
72. મહાવીર સ્વામીએ અહિંસાનું કડક પાલન કરવા કહ્યું હતું.
73. મહાવીર સ્વામી બોદ્ધધર્મના મહાન સુધારક ગણાય છે.
74. મહાવીર સ્વામી ચોરીને સૌથી મોટું અનિષ્ટ માનતા.
75. વર્ધમાનના પિતા સિદ્ધાર્થ કપિલવસ્તુના રાજા હતા.
76. જૈનધર્મમાં વીસ તીર્થંકરો થઈ ગયા.
77. મહાવીર સ્વામીના બાળપણનું નામ વર્ધમાન હતું.
78. મહાવીર સ્વામી શ્રવણ બેલગોડામાં નિર્વાણ પામ્યા હતા.

➽ જોડકા જોડો **(Marks - 10)**

79. બંધબેસતાં જોડકાં જોડો :

1.	ગૌતમ બુદ્ધનું નગર	(1) બોધિગયા
2.	ગૌતમ બુદ્ધની જ્ઞાનપ્રાપ્તિનું સ્થળ	(2) કુશીનારા
3.	ગૌતમ બુદ્ધના નિર્વાણનું સ્થળ	(3) લુમ્બિની વન
4.	ગૌતમ બુદ્ધના પ્રથમ ઉપદેશનું સ્થળ	(4) કપિલવસ્તુ

80. બંધબેસતાં જોડકાં જોડો :

1.	મહાવીર સ્વામીનું જન્મ સ્થળ	1) આગમગ્રંથો
2.	જૈનધર્મના ગ્રંથો	(2) કુશીનારા
3.	મહાવીર સ્વામીના નિર્વાણનું સ્થળ	(3) કુંડગ્રામ
4.	મહાવીર સ્વામીનો ઉપદેશ	(4) પાવાપુરી

SECTION - B

➽ નીચેના પ્રશ્નોનાં એક વાક્યમાં ઉત્તર આપો **(Marks - 20)**

81. બૌદ્ધ ગ્રંથ ત્રિપિટકમાં કયા કયા ગ્રંથોનો સમાવેશ થયેલ છે ?
82. ગૌતમ બુદ્ધનો જન્મ ક્યારે અને કોના ત્યાં થયો હતો?
83. સિદ્ધાર્થનાં લગ્ન યુવાવસ્થામાં જ કેમ કરાવવામાં આવ્યાં ?
84. સિદ્ધાર્થ શા માટે સંન્યાસી બનવાનું નક્કી કર્યું?
85. ગૃહત્યાગની રાત્રે સિદ્ધાર્થની સાથે કોણ હતું?
86. ગૃહત્યાગ બાદ સિદ્ધાર્થ ક્યાં ક્યાં ગયા હતા?
87. ગૌતમ બુદ્ધને જ્ઞાનપ્રાપ્તિ ક્યાં અને ક્યારે થઈ હતી?
88. બુદ્ધ'નો શો અર્થ થાય છે ?

BHAVDIP VADHER

89. જ્ઞાનપ્રાપ્તિ બાદ ગૌતમ બુદ્ધ સૌપ્રથમ ક્યાં ગયા હતા ?
90. ગૌતમ બુદ્ધે સમજાવેલાં ચાર આર્ય સત્ય કઈ રીતે જાણીતાં છે?
91. ગૌતમ બુદ્ધના સમયમાં હિંદુધર્મ કેટલા વર્ણોમાં વહેંચાયેલો હતો?
92. મહાવીર સ્વામીનો જન્મ ક્યાં થયો હતો ?
93. મહાવીર સ્વામીના માતાપિતાનાં નામ જણાવો.
94. મહાવીર સ્વામીનું બાળપણનું નામ શું હતું?
95. ગૌતમ બુદ્ધનું બાળપણનું નામ શું હતું?
96. વર્ધમાનની પત્નીનું અને પુત્રીનું નામ શું હતું?
97. વર્ધમાન 'જિન' શાથી કહેવાય?
98. મહાવીર સ્વામીએ ક્યાં પાંચ વ્રતો આપ્યાં હતાં ?
99. ગૌતમ બુદ્ધ અને મહાવીર સ્વામીએ કઈ ભાષામાં ઉપદેશ આપ્યો?
100. ગૌતમ બુદ્ધ અને મહાવીર સ્વામીના ઉપદેશની લોકો પર શી અસર થઈ ?

➽ નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર આપો **(Marks - 16)**

101. ગૌતમ બુદ્ધનો મુખ્ય ઉપદેશ શો હતો?
102. જૈનધર્મે કયાં પાંચ મહાવ્રતો આપ્યાં?
103. ગૌતમ બુદ્ધ અને મહાવીર સ્વામીના ઉપદેશમાં શી સમાનતા હતી?
104. ગૌતમ બુદ્ધના સમયમાં ક્યાં અનિષ્ટો જોવા મળતાં હતાં?
105. ગૌતમ બુદ્ધના મતે ચાર આર્ય સત્ય કયાં કયાં છે?
106. મહાવીર સ્વામીનો મુખ્ય ઉપદેશ શો હતો?
107. ગૌતમ બુદ્ધના ગૃહત્યાગનો પ્રસંગ તમારા શબ્દોમાં વર્ણવો.
108. રાજકુમારમાંથી સિદ્ધાર્થ ગૌતમ બુદ્ધ કેવી રીતે બન્યા?

Best Of Luck

BHAVDIP VADHER

Subject : સામાજિક વિજ્ઞાન
Standard : ધોરણ 6
Chapter : 5

ANSWERS

Exam Time : 3 Hours
Date : 19/05/2020
Marks : 124

SECTION - A

➽ યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર આપો (Marks - 40)

1. સારનાથ
2. કુશીનારા
3. ત્રિશલાદેવી
4. કુંડગ્રામ
5. પ્રાકૃત અને અર્ધમાગધી
6. 550 જેટલી
7. બુદ્ધ અને મહાવીરે
8. હિમાલય ક્ષેત્રમાં
9. શુદ્ધોધન
10. સિદ્ધાર્થ
11. શુદ્ધોધન
12. યશોધરા
13. ગૌતમી મહાપ્રજાપતિ
14. આલારકલામ
15. 30
16. વૈશાખી પૂર્ણિમાના દિવસે
17. ધર્મચક્રપ્રવર્તન
18. ચાર
19. કર્મવાદને
20. પીપળાના
21. પાર્શ્વનાથ
22. મહાવીર સ્વામી
23. વર્ધમાન
24. કુંડગ્રામમાં
25. પાંચ
26. યશોદા
27. પ્રિયદર્શિની
28. ઋજુપાલિક
29. ત્રિરત્નના સિદ્ધાંત તરીકે
30. 'જિન'
31. નંદિવર્ધન
32. બાર
33. આગમગ્રંથો

BHAVDIP VADHER

34. પાવાપુરીમાં
35. કુંડગ્રામ અને પાવાપુરી
36. કુંડગ્રામ અને પાવાપુરી
37. કુંડગ્રામ
38. પાલિતાણા
39. ગાંધીજી
40. ત્રિપિટક

➽ ખાલી જગ્યા પૂરો **(Marks - 17)**

41. નેપાલ
42. શાક્ય
43. 566
44. રાહુલ
45. બોધિગયા
46. સારનાથ
47. કર્મવાદ
48. મહાદેવી (માયાવતી)
49. ત્રિપિટક
50. ચોવીસ
51. ત્રીસ
52. શુદ્ધોધન
53. ત્રીસ
54. મહાવીર
55. હિંસા
56. બ્રહ્મચર્ય
57. પાવાપુરી

➽ નીચેના વિધાન ખરા છે કે ખોટા તે જણાવો **(Marks - 21)**

58. ખરું (True)
59. ખોટું (False)
60. ખોટું (False)
61. ખોટું (False)
62. ખોટું (False)
63. ખોટું (False)
64. ખરું (True)
65. ખોટું (False)
66. ખરું (True)
67. ખોટું (False)
68. ખરું (True)
69. ખોટું (False)
70. ખરું (True)

BHAVDIP VADHER

71. ખોટું (False)

72. ખરું (True)

73. ખોટું (False)

74. ખરું (True)

75. ખોટું (False)

76. ખોટું (False)

77. ખરું (True)

78. ખોટું (False)

➽ જોડકા જોડો **(Marks - 10)**

79. (1 - 4), (2 -1), (3–2), (4 - 5).

80. (1 - 3), (2 - 1), (3 - 4), (4 - 5).

SECTION - B

➽ નીચેના પ્રશ્નોનાં એક વાક્યમાં ઉત્તર આપો **(Marks - 20)**

81. બૌદ્ધગ્રંથ ત્રિપિટકમાં સૂત્ર પિટક, વિનય પિટક અને અભિધમ્મ પિટક આ ત્રણ ગ્રંથોનો સમાવેશ થયેલ છે.

82. ગૌતમ બુદ્ધનો જન્મ ઈ. સ. પૂર્વે 566માં કપિલવસ્તુના વડા શુદ્ધોધન અને મહાદેવી (માયાવતી)ને ત્યાં થયો હતો.

83. રાજકુમાર સિદ્ધાર્થ જ્ઞાન અને સમાધિની ચર્ચા કરતા રહેતા હતા. તેથી તેમના પિતાને ચિંતા થઈ કે સિદ્ધાર્થ સંન્યાસી તો નહિ થઈ જાય ને? આ ચિંતાને કારણે સિદ્ધાર્થનાં લગ્ન યુવાવસ્થામાં જ કરાવવામાં આવ્યાં.

84. સિદ્ધાર્થે જ્ઞાનપ્રાપ્તિ અને સત્યની શોધ માટે સંન્યાસી બનવાનું નક્કી કર્યું.

85. ગૃહત્યાગની રાત્રે સિદ્ધાર્થની સાથે તેમનો સારથી છન્ન અને તેમનો પ્રિય ઘોડો કંથક હતો.

86. ગૃહત્યાગ બાદ સિદ્ધાર્થ રાજગૃહ અને પુરુવેલા નામનાં સ્થળોએ ગયા હતા.

87. ગૌતમ બુદ્ધને બોધિગયા ખાતે એક પીપળાના વૃક્ષ નીચે વૈશાખી પૂર્ણિમાના દિવસે જ્ઞાનપ્રાપ્તિ થઈ હતી.

88. ' બુદ્ધ'નો અર્થ જાગૃત કે જ્ઞાની થાય છે.

89. જ્ઞાનપ્રાપ્તિ બાદ ગૌતમ બુદ્ધ સૌપ્રથમ સારનાથ ગયા હતા.

90. ગૌતમ બુદ્ધે સમજાવેલાં ચાર આર્ય સત્ય બૌદ્ધધર્મના સિદ્ધાંત તરીકે જાણીતા છે.

91. ગૌતમ બુદ્ધના સમયમાં હિંદુધર્મ બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર એવા ચાર વર્ણોમાં વહેંચાયેલો હતો.

92. મહાવીર સ્વામીનો જન્મ વજ્જિસંઘના એક ગણરાજ્ય કુંડગ્રામના જ્ઞાતૃક ક્ષત્રિય વંશમાં થયો હતો.

93. મહાવીર સ્વામીની માતાનું નામ ત્રિશલાદેવી અને પિતાનું નામ સિદ્ધાર્થ હતું.

94. મહાવીર સ્વામીનું બાળપણનું નામ વર્ધમાન હતું.

95. ગૌતમ બુદ્ધનું બાળપણનું નામ સિદ્ધાર્થ હતું.

96. વર્ધમાનની પત્નીનું નામ યશોદા અને પુત્રીનું નામ પ્રિયદર્શિની હતું.

97. વર્ધમાને મન અને ઇન્દ્રિયો પર વિજય મેળવ્યો હતો. તેથી તે 'જિન' કહેવાયા.

98. મહાવીર સ્વામીએ આપેલાં પાંચ વ્રતો : (1) અહિંસા,(2) સત્ય, (3) અસ્તેય, (4) અપરિગ્રહ અને (5) બ્રહ્મચર્ય.

99. ગૌતમ બુદ્ધ અને મહાવીર સ્વામીએ લોકભાષા પ્રાકૃત અને અર્ધમાગ્ધીમાં ઉપદેશ આપ્યો.

100. ગૌતમ બુદ્ધ અને મહાવીર સ્વામીના ઉપદેશથી લોકોને નવા વિચારો મળ્યા. લોકોએ ધાર્મિક ક્રિયાકાંડો અને પશુ-બલિનો ત્યાગ કર્યો. મોટી સંખ્યામાં લોકો તેમના અનુયાયી બન્યા.

➽ નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર આપો **(Marks - 16)**

BHAVDIP VADHER

101. ગૌતમ બુદ્ધનો ઉપદેશ આ પ્રમાણે હતો : (1) આત્માના કલ્યાણમાં આસક્ત રહેવાને બદલે સદ્વિચારયુક્ત જીવન જીવવું જોઈએ. (2) તમામ પ્રાણીઓ સાથે અહિંસાથી વર્તવું જોઈએ તે મનુષ્યનું સૌથી મોટું કર્તવ્ય છે. (3) ઉચ્ચ કુટુંબમાં જન્મ લેવાથી મનુષ્ય મહાન બનતો નથી, પણ પોતાનાં કર્મથી મહાન બને છે. તેથી સમાજમાં ઊંચ-નીચના ભેદભાવ ઊભા કરવા જોઈએ નહિ. (4) સ્ત્રીઓને સમાજમાં પુરુષો જેટલાં જ સમ્માન અને અધિકાર આપવાં જોઈએ. (5) પ્રાણીમાત્ર પર દયા રાખવી.

102. જૈનધર્મના ચોવીસમા તીર્થંકર મહાવીર સ્વામીએ આ પાંચ મહાવ્રતો આપ્યાં હતાં : (1) અહિંસા, (2) સત્ય, (3) બ્રહ્મચર્ય (ઇન્દ્રિયોને સંયમમાં રાખવી), (4) અસ્તેય (ચોરી ન કરવી) અને (5) અપરિગ્રહ (સંગ્રહ ન કરવો).

103. ગૌતમ બુદ્ધ અને મહાવીર સ્વામીના ઉપદેશમાં આ પ્રકારની સમાનતા હતી : (1) બુદ્ધ અને મહાવીર બંનેએ સંસારને ભય અને દુઃખોથી ભરેલો માન્યો છે. તેઓ ઈશ્વરનો ઇન્કાર કરે છે અને કર્મવાદને મહત્ત્વ આપે છે. (2) તેમણે જણાવ્યું કે તમામ પ્રાણીઓ પ્રત્યે દયા રાખવી જોઈએ. (3) બંનેએ અનુરોધ કર્યો કે સૌને સમાન ગણવા જોઈએ અને સમાજમાં ઊંચ-નીચના ભેદભાવ ન હોવા જોઈએ, (4) સ્ત્રીઓને પુરુષોની જેમ સમ્માનું અને અધિકાર આપવાં જોઈએ એમ તેમણે જણાવ્યું હતું.

104. ગૌતમ બુદ્ધના સમયમાં સમાજમાં આ અનિષ્ટો જોવા મળતાં હતાં : (1) સમાજમાં યજ્ઞ દરમિયાન પશુઓની હિંસા કરવામાં આવતી હતી. (2) ઘણા બધા લોકો માંસાહારી હતા.(3) હિંદુધર્મ બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર એવા ચાર વર્ણોમાં વહેંચાયેલો હોવાથી સમાજમાં ઊંચ-નીચના ભેદભાવો હતા. (4) સ્ત્રીઓને પૂરતું સમ્માન મળતું ન હતું.

105. ગૌતમ બુદ્ધના મતે ચાર આર્ય સત્ય આ મુજબ છે : (1) સંસાર દુઃખમય છે. (2) દુઃખનું કારણ તૃષ્ણા છે.(3) દુઃખનો નાશ તૃષ્ણાનો ત્યાગ છે. (4) અષ્ટાંગિક માર્ગ અપનાવવાથી તૃષ્ણાનો ત્યાગ થાય છે.

106. મહાવીર સ્વામીના મુખ્ય ઉપદેશને ત્રિરત્ન(રત્નત્રયી)ના સિદ્ધાંત તરીકે ઓળખવામાં આવે છે. તેમણે નીચે મુજબ પાંચ વ્રતોનો ઉપદેશ આપ્યો હતો :
(1) કોઈ પણ પ્રકારની હિંસા ન કરવી. પ્રાણીમાત્રની રક્ષા કરવી એ જ મનુષ્યનું સાચું કર્તવ્ય છે. (2) હંમેશાં સત્યનું પાલન કરવું, એ માટે ક્રોધનો ત્યાગ કરવો. (3) ક્યારેય પણ ચોરી ન કરવી. કોઈની પણ અનુમતિ વગર તેની વસ્તુ ગ્રહણ નકરવી. (4) જરૂરિયાત કરતાં વધારે ચીજવસ્તુઓ, ધન-ધાન્ય, આભૂષણો, વસ્ત્રો વગેરેનો સંગ્રહ ન કરવો. (5) જૈન સાધુઓ અને સાધ્વીઓએ બ્રહ્મચર્યનું પાલન કરવું જોઈએ.

107. ગૌતમ બુદ્ધ 30 વર્ષની ઉંમરે જ્ઞાનપ્રાપ્તિ અને સત્યની શોધ માટે સંન્યાસી બનવાનું નક્કી કર્યું. એક રાત્રે તેઓ પોતાના સારથી છન્ન અને પ્રિય અશ્વ કંથકને લઈને ચૂપચાપ ઘર છોડીને ચાલી નીકળ્યા. રાજ્યની બહાર નદીકિનારે જઈને ગૌતમ બુદ્ધ પોતાના રાજવી પોશાકનો ત્યાગ કર્યો. તેમણે પોતાનાં તમામ આભૂષણો સારથી છન્નને આપી કંથ કને લઈને રાજમહેલ જવા આજ્ઞા આપી અને પોતે સંન્યાસીનાં ભગવાં કપડાં ધારણ કરી વન તરફ ચાલી નીકળ્યા.

108. ગૃહત્યાગ પછી સિદ્ધાર્થ રાજગૃહ અને પછી પુરૂવેલા ગયા. અહીં તેમણે પાંચ બ્રાહ્મણો સાથે તપશ્ચર્યા કરી. તેમને લાગ્યું કે અન્ન-જળનો ત્યાગ કરી શરીરને કષ્ટ આપવાથી જ્ઞાન મળશે નહિ. તેથી તેમણે એ બ્રાહ્મણોનો સાથ છોડીને એ કલા જ તપશ્ચર્યા કરવાનો નિર્ણય કર્યો. બોધિગયા ખાતે એક પીપળાના વૃક્ષ નીચે બેસીને તેમણે સત્ય અને જ્ઞાન મેળવવા સાધના શરૂ કરી. ઘણા દિવસોની સાધના પછી તેમને વૈશાખી પૂર્ણિમાના દિવસે જ્ઞાન પ્રાપ્ત થયું. જ્ઞાન પ્રાપ્ત થતાં તેઓ સિદ્ધાર્થમાંથી બુદ્ધ થયા. 'બુદ્ધ'નો અર્થ જાગ્રત કે જ્ઞાની થાય છે. પાછળથી તેઓ ગૌતમ બુદ્ધ કહેવાયા.

BHAVDIP VADHER